તા. ૬/૭/૨૦૧૯ / શનિવાર / આજ-કાલ

# સામાન્ય અંદાજપત્ર અંગે ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાના મિશ્ર પ્રતિઘાત

## જામનગરના ધંધા-ઉદ્યોગને કોઈ સીધી રાહત મળેલ હોય તેવું જણાતું નથી

આજકાલ કાર્યાલય-જામનગર

તા. ૦૫ મી જુલાઈએ નવ-નિયુક્ત નાણામંત્રીએ પોતાનું પ્રથમ સામાન્ય બજેટ રજૂ કર્યું આ અંદાજપત્રની અનેક એવી બાબતો છે; જે દૂરંગામી સારી અને ખરાબ અસરો છોડી જાય તેવી છે જ્યારે અમુક એવી બાબતો છે જેની અસર હાલના નબળા અર્થતંત્ર પર નહિવત રહેશે.

જામનગર ચેમ્બરે છેલ્લા ત્રણેક વર્ષોથી સર્વિસ ટેક્ષ અને બીજા આડકતરા કરવેરા માટે સમાધાન યોજનાની માંગણી કરેલ હતી;જે આ અંદાજપત્રથી સ્વીકારાયેલ છે. તેવી જ રીતે નોન-બેંકિંગ ફાઈનાસિયલ ઈન્સ્ટીટ્યુટસ ને વ્યાજ ની આવક કરમુક્ત કરવાની માંગણી પણ જામનગર ચેમ્બર દ્વારા કરવામાં આવેલ હતી જેનો પણ સ્વીકાર થયેલ છેજેથી ચેમ્બર આ અંદાજપત્રિય દરખાસ્તોને આવકારે છે.



કરદાતાઓ આજે વધતી જતી કંપલાયન્સ કોસ્ટ અને અધિકારી રાજની દહેશત નીચે જીવે છે તેવામાં આકારણી પ્રવુતિઓનું સંપૂર્ણ ડિઝિટલાઈજેશન આવકારી પગલું છે અને આ કાર્યવાહીઓ માટે સચોટ, સહેલી અને કોઈ અડચણ વગરની સિસ્ટમ અમલી બને તેવી ચેમ્બર આશા રાખે છે.

સામાજિક સ્તરે સુધારણા માટે અંદાજપત્રિય યોજનાઓ ખૂબ જ આકર્ષક છે;પરંતુ તે પૈકી બહુધા યોજનાઓ ૫ કે તેથી વધુ સમયની છે તેથી આ યોજનાઓની અસર તુરત જ જોવા નહીં મળે પરંતુ લાંબાગાળે તેની બહુ સારી અસર જોવા મળશે તેવી આશા છે.

જામનગરના ધંધા-ઉધ્યોગનાને કોઈ સીધી રાહત મળેલ હોય તેવું જણાતું નથી. ઈનકમ ટેક્ષની આવક છેલ્લા બે ત્રણ વર્ષમાં ૬૮% જેવો વધારો થયેલ છે તેમ છતાંઈનકમ ટેક્ષની મુક્તિ મર્યાદા ન વધારી સામાન્ય કરદાતાને નિરાશ કરેલ છે. તેવી જ રીતે પેટ્રોલ ડીઝલ પર એકસાઈસ ડ્યૂટી વધારી રોડ ડેવલોપમેન્ટ સેસ પણ લાદવાની જાહેરાતે મોઘવારી વધવાની ચોક્કસ શક્યતા ઊભી કરી દેયેલ છે.

તા. ૬/૭/૨૦૧૯ / શનિવાર / ખબર

# બજેટમાં જામનગરના વેપાર-ઉદ્યોગને સીધી રાહતનો અભાવ : ચેમ્બર પ્રમુખ

ખબર-જામનગર

જામનગરના ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ કેન્દ્રીય બજેટ અંગે મિશ્ર પ્રતિભાવ રજૂ કર્યો છે.

તેમણે જણાવ્યું છે કે, આ અંદાજપત્રની અનેક એવી બાબતો છે; જે દૂરંગામી સારી અને ખરાબ અસરો છોડી જાય તેવી છે જ્યારે અમુક એવી બાબતો છે જેની અસર હાલના નબળા અર્થતંત્ર પર નહિવત રહેશે.



જામનગર ચેમ્બરેછેલ્લા ત્રણેક વર્ષોથી સર્વિસ ટેક્ષ અને બીજા આડકતરા કરવેરા માટે સમાધાન યોજનાની માંગણી કરેલ હતી;જે આ અંદાજપત્રથી સ્વીકારાયેલ છે. તેવી જ રીતે નોન- બેંકિંગ ફાઈનાસિયલ ઈન્સ્ટીટ્યુટસ ને વ્યાજ ની આવક કરમુક્ત કરવાની માંગણી પણ જામનગર ચેમ્બર દ્વારા કરવામાં આવેલ હતી જેનો પણ સ્વીકાર થયેલ છેજેથી ચેમ્બર આ અંદાજપત્રિય દરખાસ્તોને આવકારે છે.

કરદાતાઓ આજે વધતી જતી કંપલાયન્સ કોસ્ટ અને અધિકારી રાજની દહેશત નીચે જીવે છે તેવામા આકારણી પ્રવૃતિઓનું સંપૂર્ણ ડિઝિટલાઈજેશન આવકારી પગલું છે અને આ કાર્યવાહીઓ માટે સચોટ, સહેલી અને કોઈ અડચણ વગરની સિસ્ટમ અમલી બને તેવી ચેમ્બર આશા રાખે છે. સામાજિક સ્તરે સુધારણા માટે અંદાજપત્રિય યોજનાઓ ખૂબ જ આકર્ષક છે;પરંતુ તે પૈકી બહુધા યોજનાઓ ૫ કે તેથી વધુ સમયની છે તેથી આ યોજનાઓની અસર તુરત જ જોવા નહીં મળે પરંતુ લાંબાગાળે તેની બહુ સારી અસર જોવા મળશે તેવી આશા છે. જામનગરના ધંધા-ઉધ્યોગનાને કોઈ સીધી રાહત મળેલ હોય તેવું જણાતું નથી. ઈનકમ ટેક્ષની આવક છેલ્લા બે - ત્રણ વર્ષમાં ૬૮% જેવો વધારો થયેલ છે તેમ છતાંઈનકમ ટેક્ષની મુક્તિ મર્યાદા ન વધારી સામાન્ય કરદાતાને નિરાશ કરેલ છે. તેવી જ રીતે પેટ્રોલ – ડીઝલ પર એકસાઈસ ડ્યૂટી વધારી રોડ ડેવલોપમેન્ટ સેસ પણ લાદવાની જાહેરાતે મોઘવારી વધવાની ચોક્કસ શક્યતા ઊભી કરી દીધેલ છે.